જિન અરિષ્ટનેમિ સંબદ્ધ ત્રણ અપ્રકાશિત સ્તવ

પ્રીતિ પંચોલી

(સ્વ.) મુનિવર પુણ્યવિજયજીના સંગ્રહમાંથી અલગ અલગ ત્રણ કર્ત્તાઓ રચિત ત્રણ નેમિનાથસ્તવ અહીં પ્રકાશનાર્થે લીધાં છે, જેના કર્ત્તા અનુક્રમે ,અંચલગચ્છીય ઋષિવર્ધનસૂરિ, સંભવતઃ કલ્યાણ નામક કવિ, અને કોઈ અજ્ઞાત કવિ છે. પહેલું અને ત્રીજું સ્તોત્ર રૈવતાચલાધીશ જિન અરિષ્ટનેમિને સંબોધાયેલું છે.

(૧)

પ્રથમ સ્તવના પ્રણેતા જયકીર્તિસૂરિના શિષ્ય ઋષિવર્ધનસૂરિ છે. આ સૂરિએ અતિશયપંચાશિકા અપરનામ જિનાતિશયપંચાશિકાની રચના કરેલી. તદુપરાંત તેમણે ચિતોડમાં સં૰ ૧૫૧૨(ઈ૰ સ૰ ૧૪૫૬)માં મરુગુર્જર ભાષામાં નલદવદંતિરાસ પણ રચ્યો છે, જેની ગ્રંથપ્રશસ્તિ આ પ્રમાણે છે.

શ્રીય અંચલગચ્છનાયક ગણધર, ગુરુશ્રી જયકીરતિસૂરીવર
જાસ નામિ નાસઈ દુરિત
તાસુ સીસ ઋષિવર્દ્ધન સૂરિઈ, કીઉ કવિત મન આનંદ પૂરિઈ
નલરાય દવદંતી ચરિત.
સંવત પનરબારોત્તર વરસે, ચિત્રકૂટ ગિરિનગર સુવાસે,
શ્રી સંઘ આદર અતિ ઘણઈએ
એહ ચરિત જે ભણઈ ભણાવઈ, રિદ્ધિ વૃદ્ધિ સુખ ઉચ્છવ
આવઈ, નિતુનિ મંદિર તસ તણઈએ.

ઋષિવર્ધનસૂરિએ સ્તુતિ-સ્તવો પણ રચેલાં છે. વંશસ્થ વૃત્તમાં ૧૦ અને છેલ્લું શાર્દૂલવિક્રીડિતમાં એમ કુલ ૧૧ પદ્યમાં નિબદ્ધ અહીં પ્રસ્તુત એમનું રચેલું 'નેમિનાથ-સ્તવ' પદાંત યમકોનું એક પ્રૌઢ ભક્તિકાવ્ય છે, જેના પ્રત્યેક શ્લોકનું અંતિમ યમકાંકિત ચરણ ધ્રુવપદ રૂપે રચેલું છે : યથા :

નેમિં સ્તુવે **રૈવત** કેતકે તકે ॥૧॥

પ્રસ્તુત ચરણથી આ સ્તવ રૈવતાચલસ્થ ભગવાન્ અરિષ્ટનેમિને ઉદ્દેશીને રચાયેલું જણાય છે. સ્તોત્રમાં યમકોનો પ્રયોગ થયેલો હોઈ સંપૂર્ણ ભાવાર્થ પ્રાપ્ત કરવા માટે વૃત્તિ અથવા અવચૂરિની પ્રાપ્તિ થવી આવશ્યક છે.

૧૧મા, એટલે આખરી પદ્યમાં, કર્ત્તાએ સ્વગચ્છનું તો નામ નથી આપ્યું પણ પોતાનું તથા ગુરુનું નામ જણાવ્યું છે. તેઓ જયકીર્તિના શિષ્ય ઋષિવર્ધન હતા. (જયકીર્તિસૂરિ અંચલગચ્છના હતા અને મોટે ભાગે તેઓ સુપ્રસિદ્ધ મેરુતુંગસૂરિની પરંપરામાં થઈ ગયા હતા.) પ્રસ્તુત રચના વિધિપક્ષ-અંચલગચ્છના ઋષિવર્ધનની (અને એથી પ્રાયઃ ૧૫મા શતકની મધ્યભાગના અરસાની) હોવાનું સ્પષ્ટ છે, અને તે બુરહાનપુરમાં મુનિ સહસ્રસુંદરના પઠન માટે લખાઈ હોવાની નોંધ પ્રતને અંતે લેવાઈ છે. (આ પ્રત ઈસ્વી ૧૬મા સૈકાની હોવાનો સંભવ છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(अञ्चलगच्छीय) श्री ऋषिवर्धनसूरिविरचितं श्रीरैवताचलनेमिनाथस्तवम्

(वंशस्थवृत्तम्)

समुल्लसद्भक्तिसुराः सुरासुरा-
धिराजपूज्यं जगदंगदंगदम् ।
हरन्तमीहारहितं हितं हितं
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥१॥

बिभर्त्ति यस्य स्तवने वने वने
रीसेर संयद्रसना सना सना ।
सिद्धेर्भवेन्नन्ववरो वरो वरो
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥२॥

यशः पटस्य प्रभवे भवे भवे
भवत्प्रभावप्रगुणा गुणा गुणाः ।
यस्यति हर्षं सुजनं जनं जनं
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥३॥

जिगाय खेलंस्तरसा रसा रसा
तिरेकजाग्रन्मदनं दनं दनं ।
यो बाहुदण्डं विनयं नयं नयं
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥४॥

येनाङ्गराजीभयतो यतो यतो
ऽवगत्य तत्त्वं दुरितारितारिता ।
स कस्य नेष्टः सदयो दयो दयो
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥५॥

सुरा अपि प्रोन्नतया तया तया
रूपस्य यस्या मुमुहुर्मुहुर्मुहुः ।
यस्योग्रजानाप्यजनी जनी जनी
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥६॥

भवे प्रनाभानवमे वमे वमे
जहासि तत् किं वदमा दमा दमा ।
यस्येति भोज्या सहसा हसा हसा
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥७॥

वनेऽत्र दीक्षा जगृहे गृहे गृहे
स्थित्वा [च] दत्वा कनकं न कं न कम् ? ।
संतोष्य येना ममता मता मता
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

धर्मस्य तत्त्वे भवतोऽवतो वतो
द्यमो विधेयो जगदे गदे गदे ।
येनाङ्गिनां संयमिनामिनामिना
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥९॥

शरीरशोभातिघनाघनाघना
प्रतापदीप्तिस्तरुणारुणारुणा ।
वाणी च यस्योल्लसिता सिता सिता
नेमिं स्तुवे **रैवत केतके** तके ॥१०॥

(शार्दूलविक्रीडितम्)

तर्कव्याकरणागमादिचतुरस्फूर्जत्सुधासारवाक्
पूज्यश्री**जयकीर्तिसूरि**सुगुरुध्यानैकतानात्मना ।
सूरिश्रीऋषिवर्धनेन रचिता त्रैलोक्यचिन्तामणेः
श्रीनेमेर्यमकोज्ज्वला स्तुतिरियं देयात् सतां मङ्गलम् ॥११॥

इति श्री विधिपक्षमुख्याभिधानश्रीमदञ्चलगच्छे ऋषिवर्धनसूरिकृतं श्री नेमिनाथस्तवम् ।
लि. बरहानपुरमध्ये मुनि सहस्रसुन्दरवाचनाय ॥

(२)

આ બીજી સ્તુતિ 'કલ્યાણ' નામક કોઈ જૈન કવિની હોય તેમ લાગે છે. પ્રસ્તુત 'કલ્યાણ' તે ૧૭મા સૈકામાં થઈ ગયેલા તપાગચ્છીય મુનિ કલ્યાણવિજય હશે કે અન્ય કોઈ તે વિશે કોઈ નિર્દેશાત્મક પ્રમાણ પ્રાપ્ત થયું નથી તેમના સમય વિશે પણ કોઈ જ સ્પષ્ટતા નથી. આદિ પદ્ય અનુષ્ટુભ્માં છે; પછીના ૧૪ ઉપજાતિમાં બાંધ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(श्री कल्याण कर्तृक ?) श्रीनेमिनाथस्तुति

(अनुष्टुभ् छन्दः)

श्री नेमिस्वामिनं नौमि जगदीश्वरमव्ययम् ।
अर्हन्तमरिहमाप्तमरोहन्तं निरञ्जनम् ॥१॥

(उपजाति छन्दः)

सद्भूतभक्त्या सकलैः सुरेन्द्रैः
सदेववृन्दैः परिवन्दिताङ्घ्रिम् ।
जगद्धितोपायमपायमुक्त
मव्यक्तमाद्यं मुनिमेनमीडे ॥२॥

मनोरथैर्नाथ ! परः सहस्रैः,
समीहिताया भुवने दुरापा ।
साऽद्य त्वदीयाङ्घ्रिसरोजसेवा,
वाऽऽप्ये मयाऽहो मम भाग्ययोगः ॥३॥

किं कल्पवल्ली यदि वा त्रिलोक्या
आनन्दसर्वस्वमियं सुधा वा ।
मूर्त्तिस्तवाऽसौ वितनोति दृष्ट
मात्रैव मे विस्मयमेवमीश ॥४॥

मुहुर्मुहुर्वीक्षणतश्च मन्ये
साक्षादसौ ते किल मुक्त्यवस्था ।
यामीक्षमाणाः शिवशर्ममग्नं
सन्तः स्वमत्रापि हि मन्वते यत् ॥५॥

त्वमेव शम्भुर्भुवनादिभेदी
विभुः स्वयम्भूर्भवभीतिभेत्ता ।
वेत्ता च वक्ता च सतां हितानां
देव ! त्वमेवात्र परो न कश्चित् ॥६॥

विश्वत्रयी वत्सल ! वाञ्छितार्थ
प्रदेशनेप्रत्यलमाप्तमेकम् ।
भीमे भवारण्यपथे भवन्तं,
श्रये शरण्यं करुणाम्बुराशे ॥७॥

विष्वग् विषावेगवदुत्तरङ्गा
मुहुर्मुहुर्मोह विमूर्छना मे ।
चैतन्यमन्तस्तिरयन्ति तात !
कुतो हताशोऽस्मि भवत्यपीशो ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनन्तसंसारपथाध्वनीनं
हीनंगुणैर्मामत एव दीनम् ।
दयाम्बुधे ! देव ! दयार्हमेतं
विलोकय स्वीयदृशैकवारम् ॥९॥

संसारकारागृहदुःस्थितस्य
कर्माष्टकोद्यन्निगडान्वितस्य ।
दुष्टां दशां नाशय मे त्रिलोकी
राज ! प्रसाद्यास्य ! सुदीनवाचः ॥१०॥

विश्वैकबन्धो ! विधिसेवकानां,
मामोक्षलाभाभ्युदयप्रदेन ।
अनंतवेत्तः भगवन् भवेयं
सना सनाथो (जिन !) देव देव ! ॥११॥

नीतोऽस्मि यैरद्य तवाङ्घ्रिपीठे
पुनश्चयानि प्रतिभूप्रभाणि ।
त्वद्दर्शने मे जगदीश ! नेमे
पुण्यानि तान्येव चिरं जयन्तु ॥१२॥

भावन्यवश्यं त्वयि विश्वनाथे,
प्राप्तं (प्राप्ता) प्रभो ! मे प्रभुतात्मकृत्ये ।
कल्पद्रुमे सान्द्रफले न वै किं
दरिद्रमुद्रा द्रुतमेति नाशम् ॥१३॥

अचिन्त्यचिन्तामणितो महीयो
महात्म्यभाजो भवतः प्रभावात् ।
त्वद् भाव सम्बन्धनिबन्धनं मे,
मनोरथाः सिद्धिमिमे श्रयन्तु ॥१४॥

तव प्रसादाज्जगदीश ! नेमे !
कामं महामोहतमोऽपहारि ।
कल्याणमाला सदैव (मंगलं),
त्वत्पादसेवासुखमेव मेऽस्तु ॥१५॥

ભાવાર્થ :-

૧. અર્હત્, કર્મશત્રુનો નાશ કરનારા, નિરંજન, સંસારમાં ફરી નહિ આવનારા, અવ્યય (અવિનાશી) સ્વરૂપ થયેલા શ્રી નેમિનાથને નમસ્કાર કરું છું.

૨. જેમનાં ચરણોને દેવવૃંદ સમેત ઈંદ્રોએ ભક્તિપૂર્વક વંદન કર્યાં છે તેવા, જગત્ હિતના ઉપાય સ્વરૂપ, અપાયરહિત, કર્મમુક્ત, અવ્યક્ત નેમિનાથને સ્તવું છું.

૩. હજારો મનોરથોપૂર્વક જેની ઇચ્છા કરાઈ છે, અને વિશ્વમાં દુર્લભ એવી તમારા ચરણકમળની સેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે મને પ્રાપ્ત થઈ છે. અહો (એ) મારા ભાગ્યનો યોગ જ છે.

૪. હે સ્વામી ! આપની આ મૂર્તિ કલ્પવેલડી છે કે ત્રણ જગતના આનંદના ખનનારૂપ સુધા છે કે જેને જોતાંવેંત જ આશ્ચર્ય થાય છે.

૫. વારંવાર દર્શન કરતાં મને એમ લાગે છે આ મૂર્તિ વાસ્તવમાં મુક્તિ અવસ્થા છે ? કે જે મૂર્તિને જોઈ રહેલા સંતો પોતાની જાતને અહીં સંસારમાં પણ શિવસુખમાં મગ્ન હોય તેમ જુએ છે.

૬. હે દેવ ! જગત્‌ના શત્રુનો નાશ (કર્મનો નાશ) કરનારા તમે શંભુ છો. ભવના ભયને ભેદનારા તમે સ્વયંભૂ છો, અને સજ્જનોના હિતના જાણકાર અને જણાવનાર તમારા સિવાય અહીં બીજું કોઈ નથી.

૭. ભયંકર સંસાર-અટવીમાં, કરુણાના સાગર, વિશ્વવત્સલ અને વાંછિત પૂરવામાં સમર્થ, શરણ કરવા યોગ્ય એવા આપના શરણે આવ્યો છું.

૮. તમે મારા નાથ હોવ અને ચારે બાજુ વિષના આવેગની જેમ મોહની મૂર્છનાઓ મારી ચેતનાને કેમ ડુબાડે ? હે પ્રભુ ! હું હતાશ થઈ ગયો છું.

૯. આથી જ ગુણહીન, દીન, અને અનંત સંસારમાર્ગના યાત્રી, દયાપાત્ર એવા મને હે દયાસાગર દેવ ! નિજ નજરે એક વાર તો નીરખો.

૧૦. સંસારરૂપી તુરંગમાં રહેલા, આઠ કર્મોની બેડીથી જકડાયેલા, જેની વાણી પણ રાંક બની છે એવી મારી દુષ્ટ દશાનો નાશ કરો.

૧૧. અનંતજ્ઞાની વિશ્વબંધુ ! દેવાધિદેવ ! હે જિન ભગવન્‌ ! વિધિપૂર્વક સેવા કરનારાઓને મોક્ષ પર્યંતનાં લાભ અને અભ્યુદય આપવા (આપના) દ્વારા હું સનાથ થાઉં.

૧૨. હે જગન્નાથ નેમિનાથ ! આજે તારી ચરણપીઠમાં જે પુષ્પો વડે લવાયો છું અને તારા દર્શનમાં જે પુણ્યો સાક્ષીભૂત છે તે પુણ્યો વડે લવાયો છું, અને તારા દર્શનમાં જે પુણ્યો સાક્ષીભૂત છે તે પુણ્યો લાંબા કાળ સુધી મને મળતા રહો.

૧૩. હે વિશ્વનાથ સ્વામી ! મેં આપને વિષે જ્ઞાનનું રક્ષણાત્મક સામર્થ્ય (ભાવની પ્રભુતા) મારા માટે પ્રાપ્ત કર્યું છે. શું કલ્પવૃક્ષમાં ફળ લાગ્યા હોય તો દારિદ્રય જલદીથી નાશ ન પામે ?

૧૪. ચિંતામણિથી પણ અધિક માહાત્મ્યશાળી આપના પ્રભાવથી આપના પ્રત્યેના ભાવના કારણરૂપ મારા મનોરથો સિદ્ધિને પામો.

૧૫. હે જગદીશ્વર ! મહામોહરૂપી અંધકારને દૂર કરનાર હે નેમિનાથ ! આપની જ કૃપાથી મને કલ્યાણશ્રેણિના ગૃહરૂપ આપની ચરણસેવાનું સુખ સદૈવ પ્રાપ્ત થાઓ.

કાવ્યદર્શન

આ સ્તવમાં પ્રાસાદ ગુણને વહન કરવામાં સક્ષમ શૈલી અને છંદનો પ્રયોગ થયેલો છે તથા તે મૃદુ મંજુલ ઘોષથી સંપન્ન છે. અસમાન સ્વરસંધિનો અભાવ છે. હૃદ્ય ભાવોથી ભરપૂર પણ છે, જે ભગવન્નેમિ પ્રત્યે એક આર્ત ભક્તની હૃદયોર્મિ વ્યક્ત કરે છે. ઉપમા, નિદર્શના, અર્થાંતરન્યાસ આદિ અર્થાલંકારોનો આસ્વાદ્ય વિનિયોગ કર્યો છે.

કવિએ અર્હત્‌ શબ્દના જૈન શાસ્ત્રાનુસારી ત્રણ પર્યાયો આપ્યા છે : (૧) અર્હત્‌, (૨) અરિહ, અને (૩) અરોહત્‌ કે જેના ક્રમશઃ અર્થ થાય છે (૧) ઇંદ્રાદિની પૂજાને યોગ્ય; (૨) તેના કારણરૂપ કર્મશત્રુ વિનાશ; અને (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના ફલ સ્વરૂપ સંસારમાં અપુનરાવૃત્તિ.

બીજા શ્લોકમાં અપાયરહિત અને મુકત થયેલા અવ્યકત તત્ત્વરૂપે સ્તુતિ કરી છે. પ્રારંભના બન્ને શ્લોકોમાં કવિએ અર્હત્‌ના ચાર અતિશયોમાંથી પૂજ્નાતિશય (अरहत्) અપાયનું કાવ્યાત્મક વર્ણન કર્યું છે.

છઠ્ઠા શ્લોકમાં કવિએ નેમિનાથને શંભુ, સ્વયંભૂરૂપે પણ નિરૂપ્યા છે. સાતથી દસ સુધીના શ્લોકોમાં કવિનો ભકતહૃદયનો ઉત્કૃષ્ટ આર્તનાદ સંભળાતો રહે છે. છેવટે કવિએ જે પુણ્યપ્રતાપે ભગવાનનાં દર્શન થયાં તે જ પુણ્યને પ્રાપ્ત કરવાના મનોરથ સેવ્યા છે.

(૩)

ગિરનારસ્થ નેમિનાથને લગતું આ અજ્ઞાત કર્તૃક સ્તવ માત્ર છ જ પદ્યમાં અને દ્રુતવિલંબિત વૃત્તમાં નિબદ્ધ છે. કવિએ કર્ણપેશલ પ્રાસાનુપ્રાસનો સમસ્ત સ્તવમાં પ્રયોગ કર્યો છે, તેમ ચરણાંત અનુસ્વારનો પણ પ્રયોગ કર્યો છે, જે મધ્યકાળની આવી ઘણી કૃતિઓમાં જોવા મળે છે. ચોથા ધ્રુવપદરૂપે રહેલા ચરણને છોડીને પ્રત્યેક પદ્યમાં ચરણાંત અનુસ્વારનો પ્રાયઃ પ્રયોગ થયો છે. રચના સરસ છે અને કંઠસ્થ થઈ શકે તેવી છે. સમયની દૃષ્ટિએ જોતાં કવિ અને એથી કૃતિ ઉત્તર-મધ્યકાલીન હોવાનો સંભવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(अज्ञात कर्तृक) श्रीरैवतपतिजिननेमिनाथस्तव

(द्रुतविलम्बितवृत्तम्)

विमलकेवल केलि परायणं
शमरमायदिभङ्(ग) नरायणम् ।
नवभवागतभोगनिरञ्जनं
नमत **नेमिजिनं** जनरञ्जनम् ॥१॥

चतुरलोक चकोर निशाकरं
हरिकुलाम्बरदीप्तिदिवाकरम् ।
मदनमत्तमतङ्गजगञ्जनं
नमत **नेमिजिनं** जनरञ्जनम् ॥२॥

भविकमानसवाससितच्छदं
विशदकोकनदाभरदच्छदम् ।
विकटमोहमहाभटभञ्जनं
नमत **नेमिजिनं** जनरञ्जनं ॥३॥

नतजनाऽमितकामितकारणं
स्मरमहातरुवारणवारणम् ।
नयनमजि(ञ्जि)म(म)र्जितखञ्जनं
नमत **नेमिजिनं** जनरञ्जनम् ॥४॥

स्वपदपावितपर्वतरैवतं
नरसुरासुरनायक सेवितम् ।
स्व-तनु-भानु-वरीभवदञ्जनं
नमत **नेमिजिनं** जनरञ्जनं ॥५॥

इति नुतिं गमितः शमिनायकः
सकलमञ्जुलमङ्गलदायकः ।
सृजतु **नेमिजिनो** मम सर्वतो
विजयमेव सदासुखकारणम् ॥६॥

ભાવાર્થ :-

નિર્મળ કેવલજ્ઞાન, ક્રીડામાં તત્પર, નવ નવ ભવથી પ્રાપ્ત થયેલા ભોગોમાં પણ અનાસકત, ચકોર લોકોરૂપી ચકોર પક્ષી માટે ચંદ્ર સમાન, હરિવંશરૂપી આકાશમાં પ્રકાશ માટે સૂર્યસમાન, કામરૂપી મત્ત ગજને હણનારા, ભવ્યના માનસમાં વસતા હંસ, ઉજ્જવલ રકતકમલ જેવી કાંતિયુકત જેવા હોઠ છે, વિકટ મોહરૂપી મહાન સુભટને હણનાર, ભકતજનોનાં ઇચ્છિતોને પૂરવામાં કારણરૂપ, કામરૂપી વૃક્ષને તોડવામાં ગજરાજ સમાન અને નેત્રોની સુંદરતાથી જેનું ખંજન સુંદર બન્યું છે, જેઓનાં ચરણોથી રૈવત પર્વત (ગિરનાર) પવિત્ર બન્યો છે, જેઓ દાનવેન્દ્ર, માનવેન્દ્ર, અને સુરેન્દ્રથી સેવાયા છે. જેઓનાં શરીરની કાંતિથી કાજળ પણ શ્રેષ્ઠ બન્યું છે એવા જનરંજક નેમિજિનને નમસ્કાર કરો. આમ સ્તુતિ કરાયેલા, મુનિઓના નાયક, અને સમગ્ર સુંદર મંગલોના દાયક એવા નેમિજિન મને સદા સુખ(મોક્ષ)ના કારણરૂપ વિજય આપો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org